# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૮ • અંક ૬ • સળંગ અંક ૮૯ • મુંબઈ • એપ્રિલ ૨૦૧૪ • પાના ૧૨
છૂટક નકલ રૂા. ૨/- RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

## પ્રમુખસ્થાનેથી...

સ્નેહી સ્વજનો,
જય જિનેન્દ્ર!!

*આંસુ, સ્મિત, શક્તિ, મૌન ને ભાષા છે પ્રેમ,*
*અવ્યક્ત સૌથી વધુ વ્યક્ત થાય છે પ્રેમ;*
*દૃષ્ટિ, સ્પર્શ ને વ્હાલપનો ભાવ છે પ્રેમ,*
*અન્ય માટે જાત વિસરે, આત્મા છે પ્રેમ!*

### નિતિમૂલ્યોનો લોપ :

જેટલો સંબંધ મિત્રો સાથે પાંગરે છે, એટલે પરિવાર સાથે નથી બંધાતો. મૈત્રી એ હૈયું ખોળવાનું મંદિર છે. ખાલી થઈને સભર થવાની મઝા અનેરી હોય છે. આ બધા ખેલ વેવલેન્થના છે. રેડીયો ફ્રિકવન્સીની જેમ મેચ થાય તો તરંગો ઝીલાય. ટૂંકાગાળાની ઉપલબ્ધિ અને લાંબા ગાળાની સિધ્ધિમાં ફરક રહેવાનો. કારણ બદલાય પણ તારણ ન બદલાય. ગમતા માણસને મળવું એક ઉત્સવ હોય છે. નિભાવી લેવા પડતા માણસનું મળવું ઉઝરડો હોય છે. ઋણાનુબંધની અકલ્પનીય મૂડી દરેક માટે અનામત હોય છે. આપણને જ્યારે તે આપણે નામે થાય તે પળની પ્રતિક્ષા જ કરવી રહી. લાયકાત વ્યવહારિક જ્ઞાન, ચીવટ, સંસ્કાર અને આત્મવિશ્વાસ જેવી કુશળતા માનવી અને માનવતા બન્નેને પકડી રાખે છે. તેના વ્યક્તિત્વની સોડમ અદ્ભુત હોય છે. મર્યાદા સાથે વાસ્તવિકતા સ્વીકારવી જ રહી. જીવનના કેટલાક સત્યના ખુલાસા થઈ શકતા નથી. સત્ય હોવા છતાં તેના વર્જન અલગ હોઈ શકે છે, તેથી વિશ્વાસઘાતના વિમા ઉતરતા નથી. અનુભવથી મોટો કોઈ ગુરૂ હોતો નથી. પાત્ર બદલાતા રહે છે. પરીક્ષા ચાલુ જ રહે છે. સૌને સાચવવામાં ભૂલાઈને ભુંસાઈ જતી "સ્વ"ની ઓળખાણ - જીવનની પીડા અને પરેશાનીનું મુખ્ય કારણ છે. નિતિમૂલ્યોનો લોપ છે. સંબંધ માણસે પ્રાપ્ત કરેલો સધિયારો છે અને આધ્યાત્મિકતા માણસે રાખેલી સમજણ! અહંકાર અને નમ્રતા માનવસૃષ્ટિના બે ચહેરા છે. એક વ્યવસ્થિત છે તો બીજો વિખેરાયેલો. સમસ્યા એ છે કે, આજના યુગમાં સારપ ઓછી અને ખારપ વધુ હોય છે. જુદા જુદા માણસ નહી એક જ માણસમાં અનેક વિરોધાભાષના દર્શન થાય છે. સજ્જતા અને સર્જકતા પુરબહારમાં ખીલી અને ખુલી હોવા છતાં માણસે ઉપગ્રહ છોડયા છે, પણ પૂર્વગ્રહ નહીં.

### દાનગંગાના પ્રવાહો :

અનેકવિધ ક્ષેત્રે સંસ્થાની સેવા પ્રવૃત્તિઓ માટે માનનીય દાતાઓ તરફથી દાનગંગાનો પ્રવાહ અવિરત સાંપડી રહ્યો છે. **શ્રી સેવંતીલાલ દલપતચંદ શાહ** (શાંતીનાથની પોળ) તરફથી પાટણ ખાતે પ્રિપ્રાયમરી સ્કુલ ફંડ માટે રૂા.૫,૦૦,૦૦૦/- નું દાન સંસ્થાને પ્રાપ્ત થયેલ છે. તે જ પ્રમાણે રીવોલ્વીંગ (એજ્યુકેશન) ફંડ અંતર્ગત **શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ માટલીવાળા** (કનાસાનો પાડો) રૂા.૫,૦૦,૦૦૦/- તથા **શ્રી રમણલાલ શાહ (પ્રદીપકુમાર એન્ડ કું.) ચેરીટેબલ ટ્રસ્ટ** (કુંભારીયા પાડો) દ્વારા સંસ્થાને રૂા.૫,૦૦,૦૦૦/- મળેલ છે. **શ્રીમતી કુસુમબેન રસિકલાલ શાહ ટ્યુટોરીયલ ક્લાસ શિક્ષણ ફી સહાય ફંડ** ખાતે **મે. મિહીર**

આ અંકના સૌજન્ય દાતા



શ્રીમતી લતાબેન અને શ્રી રમેશચંદ્ર મોતીલાલ શાહ પરિવાર (કટકીયા વાડો)

Reshmo Mac Tools Centre
84/86, Abdul Rehman Street, Gr. Floor, Opp. SBI, Mumbai-400003
Phone : 2342 7801, 2341 0364 ✦ Mobile : 98200 38275, 93225 22008

જીવન પહેલા, સાથે અને પછી માતા-પિતાની આશિષ ઝંખતા...કૃતિ-સંદીપ

એન્જીનીયર્સ પ્રા.લિ. (ઢંક મહેતાનો પાડો) દ્વારા સંસ્થાને રૂા.૩,૦૦,૦૦૦ મળેલ છે. સંસ્થા આ સખી દાતાઓ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે..

મેડીકલ સહાય કોરપસ ફંડ, સીનીયર સીટીઝન કોરપસ ફંડ ખાતે શ્રી રમેશચંદ્ર ખુબચંદ શાહ (એચયુએફ)ના સ્મરણાર્થે હસ્તે : શ્રી તિલકમંજરી રમેશચંદ્ર શાહ (મહાલક્ષ્મી માતાનો પાડો) ની રૂા.૧,૦૦,૦૦૦/- સંસ્થાને ભેટ મળેલ છે.

શ્રી દિપકભાઈ ચંપકલાલ ઝવેરી શૈક્ષણિક સહાય ફંડ અંતર્ગત શ્રી આશિષભાઈ દિપકભાઈ ઝવેરી (મનમોહનજીની શેરી) દ્વારા રૂા.૧,૦૦,૦૦૦/- મળેલ છે. એ જ પ્રમાણે શ્રી સિધ્ધહેમ જ્ઞાનપીઠ ખાતે શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ (ઢંક મહેતાનો પાડો) રૂા.૧,૦૦,૦૦૦-તથા શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (બ્રાહ્મણવાડો) તરફથી રૂા.૧,૦૦,૦૦૦/- પ્રાપ્ત થયેલ છે. સંસ્થા આ સર્વે દાતાઓની આભારી છે.

**હાર્દિક અભિનંદન :**

અનુભવની એરણે ઘડાયેલા સંસ્થાના કાર્યદક્ષ સભ્યો શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ, શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ, શ્રી રાજેશભાઈ ચીમનલાલ શાહ તથા શ્રી નિતીનભાઈ રમણલાલ પટણીએ સંસ્થામાં વિવિધ હોદ્દાઓ પર રહી મંડળની વ્યવસ્થાપક સમિતિમાં સેવાના ૨૦ વર્ષ પુરા કર્યા છે. બંધારણની કલમ ૧૬(૩) અન્વયે અધિકારની રૂએ તેઓ વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ થાય છે. આ ચારેય મિત્રોને હાર્દિક અભિનંદન આપતા સહર્ષ આવકારું છું.

માનવ મહેરામણમાં વસતા વિખરતા આપણે રંગ-રંગના ભાતભાતના મોતી છીએ. આપણે બીનશરતી પ્રેમ જ વિશ્વાસનું સર્જન કરીએ છીએ માટે કદાચ પ્રેમ હકક નહીં ફરજ બને છે. ઘણી વખત કંઈક છૂટી જાય પછી જ તેનું મહત્વ સમજાતું હોય છે. બગીચો ગમે તેટલો મોટો હોય અને તેમ પુષ્પ કે પમરાટ ન હોય તો ? કયારેક કુંડામાં ઉગેલું એકાદ ફૂલ આખા બગીચાની ગરજ સારતું હોય છે. જે ભમરાને આકર્ષવા શકિતમાન હોય છે. આપણે એકલા હોઈએ ત્યારે અધૂરા હોવાનો અહેસાસ નથી થતો ? બુંદ બુંદ આપણે એક થઈ અફાટ મહાસાગર થઈએ કયારેય વિખુટા ન પડવાના નિર્ણય સાથે ! આભાર... !

**પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રી પાટણ જૈન મંડળ**

## સહાય મેળવવા માટેની અગત્યની સૂચના

સમાજના આર્થિક જરૂરિયાતવાળા કુટુંબો માટે એપ્રિલ-૨૦૧૪થી માર્ચ ૨૦૧૫ના વર્ષ માટે મંડળમાંથી વિવિધ સહાય મેળવવા માટેનવા અરજીપત્રો તૈયાર કરવામાં આવેલ છે.

નવા અરજીપત્રકો મંડળના નીચે મુજબના કાર્યાલયમાંથી તા. ૧૫-૦૫-૨૦૧૪થી આપવાનું શરૂ કરવામાં આવશે અને તા. ૩૦-૦૬-૨૦૧૪ સુધીમા ભરીને મોકલાવી આપવાના રહેશે, અરજીપત્રક ભરનાર અરજદારનું (૧) બેંક ઑફ બરોડા (૨) પાટણ કો-ઓપ. બેંક લિ. અને (૩) ગ્રેટર મુંબઈ બેંક – માંથી કોઈ પણ એક બેંકમાં ખાતું હોવું ફરજિયાત જરૂરી છે. મંજુર થયેલ સહાયની રકમ તેમના ખાતામાં ઈસીએસ થી ટ્રાન્સફર કરવામાં આવશે. અરજી પત્રક સાથે એક કેન્સલ કરેલો ચેક મોકલવાનો રહેશે.

**ખાસ નોંધ: આપના તરફથી ભરાયેલા જૂના અરજીપત્રકો મંડળમાં મોકલશો, તે સ્વીકારવામાં આવશે નહિ.**

**અરજીપત્રકો તથા એક્સરસાઈઝ નોટબુક મેળવવાના સ્થળો:**

(૧) શ્રી પાટણ જૈન મંડળ – મુખ્ય કાર્યાલય
૭૭, શ્રી પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ,
મુંબઈ-૪૦૦ ૦૨૦
ફોન : ૨૨૮૧૧૩૪૬ / ૨૨૮૧૧૨૧૮

(૨) શ્રી પાટણ જૈન મંડળ – શાખા કાર્યાલય
એ-૨૩/૧૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૮. ફોન : ૨૮૯૧૧૩૦૮.

(૩) શ્રી પાટણ જૈન મંડળ – શાખા કાર્યાલય
રૂપમ, ૧૫૨, જવાહર નગર, ગોરેગામ (વેસ્ટ)
મુંબઈ-૪૦૦ ૦૬૨. ફોન : ૨૮૭૭૬૦૯૦.

(૪) શ્રી પાટણ જૈન મંડળ – શાખા કાર્યાલય
શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિ ગૃહપીપળા શેરી ,
પાટણ-૩૮૪૨૬૫. ફોન : ૦૨૭૬૬ ૨૨૦૭૧૫.

(૫) શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ,
C/o. પટણી એજન્સી, ૯/૧૧ બી,સર્વોદય એપાર્ટમેન્ટ,
નારાયણ નગર ક્રોસ રોડ, ભાઈંદર (વેસ્ટ)
ફોન નં.૨૮૦૪૭૭૩૭.
મો.: ૯૩૨૧૧૫૦૧૬૦

● શ્રી પાટણ જૈન મંડળ

## એક્સરસાઈઝ નોટબુક

શ્રી પાટણ જૈન મંડળ અને સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે દર વર્ષે વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઉત્તમ ક્વોલીટીની નોટબુકોનું રાહતના દરે મંડળ દ્વારા વિતરણ કરવામાં આવે છે. તે પ્રમાણે સને ૨૦૧૪ના વર્ષ માટે નોટબુકોની વહેંચણીનું કાર્ય ઉપર મુજબના વ્યવસ્થા કેન્દ્રો પરથી મે માસના પ્રથમ સપ્તાહથી હાથ ધરવામાં આવશે. તો દરેકે ઉપરોક્ત સ્થળોનો વહેલી તકે સંપર્ક સાધી પોતાની નોટબુક મેળવી લેવા વિનંતી

■ જમ્બો નોટબુક (પાકુ પુંઠું) ૨૦૦ પાના **રૂા. ૧૬૦/- ડઝનના** ■ લૉંગબુક ૨૦૦ પાના **રૂા. ૧૯૦/- ડઝનના**

# તંત્રીસ્થાનેથી...

## અવિભક્ત પરિવારની પારાશીશી

વર્તમાન સમયમાં ટૂંકો પરિવાર સુખી પરિવારની વિચારધારા ઘર કરી ગઈ છે. અવિભકત પરિવારો લગભગ નામશેષ થઈ ગયા છે. અંગત સ્વાર્થવૃત્તિએ ભાવ ભાવનાના ભવિતવ્યને મહદ્અંશે ભુલાવી દીધુ છે. લોભના થોભનો ક્ષોભ ન રહેવાથી સંસ્કૃતિ અને સંસ્કારનું વિભાજન થઈ ગયું હોય તેવુ જણાઈ રહ્યું છે. સમૃધ્ધિએ સહકારની ભાવના ભૂલાવી દીધી છે, તેથી કૃતજ્ઞતા અને કૃતઘ્નતા વચ્ચેના ભેદનો ક્ષય થયો છે. મારું તે મારું અને તારું મારું સહિયારું એવી એક વિપરીત અને સ્વાર્થી ભાવના વહેતી થઈ છે. આર્થિક લક્ષસિધ્ધિ માટે આપણે માનસિક સમતુલા કે માનવતા વિસરી સર્વને બદલે સ્વલક્ષી બની આત્મઘાતનો રસ્તો અપનાવી રહ્યા છીએ.

સુરૂચિપૂર્ણ શાલીન વ્યકિતત્વ, સ્વભાવમાં સજજનતા અને સૌમ્યતા સાથે સુસંસ્કૃત અભિજાત્ય હોવું ચોકકસ પણે આવશ્યક છે. નૈતિક અને સામાજિક મૂલ્યોમાં આમુલ પરિવર્તન નજરે પડે છે. ઉદ્વિગ્નતા કે પ્રસન્નતાનો આધાર તેના અર્થઘટનને આભારી છે. સમજણની ક્ષિતિજ અને શકિત વિકસાવવાની અને વિસ્તારવાની જરૂરત છે, કારણ કે વાસ્તવિકતા અને સંભાવના બન્ને અસમાન અને વિરૂધ્ધ ધ્રુવો છે. ન ભૂલીએ કે આત્મિય સંબંધમાં સ્વાર્થની દુર્ગંધ ન અનુભવાય, હકારાત્મક અભિગમને વયનું બંધન નડતું નથી.

અવિભકત પરિવારની ઉપલબ્ધિ સભ્યોના વ્યવસ્થિત અને અનન્ય યોગદાન પર આધારિત હોય છે. તેના ભાવ-પ્રતિભાવ અદ્વિતીય પ્રેમ અને લાગણીના ગુણાકાર કરે છે, ભાગાકાર નહીં. સહયોગ, સમાધાન, સહિષ્ણુતા, સંપ, સંસ્કાર અને સ્નેહ જીવનને જીવંત અને જીવવા જેવું બનાવે છે. આ સંસ્કરણો અસંભવને સંભવ બનાવે છે. પરિણામે સિધ્ધિ કે સમાધિ પણ પ્રાપ્ત કરાવી અણધાર્યા ઉત્કૃષ્ટ પરિણામો અને પરિમાણો આપે છે. મુખ્ય મુદ્દો એ છે કે અવલંબન અને પરાવલંબન કે પ્રકૃતિ ને પાત્રતાનું પૃથ્થકકરણ ચોકકસ આશય કે અભિગમ સાથે કરવામાં આવે છે. વર્તમાન સમયમાં ઉપકારને બદલે અપકારની ભાવના રંગ લાવી રહી છે. પરિણામે કંઈક સ્મૃતિઓ વિસ્મૃતિના સાગરમાં વિખેરાઈ વિલિન થઈ રહી છે.

**Knowledge, Truth, Principles are internal and permenent, power, post and property are external and changable anytime** માણસ જન્મે છે ત્યારથી સંબંધોના સરોવર રચાતા હોય છે. સાચો સંબંધ સમૃધ્ધિના સમયમાં તમારી ખામી અને મુર્ખામી વિશે ધ્યાન દોરે છે અને આપત્તિના સમયે હાથ અને હૈયાને મદદગાર થાય છે. કવિવર્ય હરીન્દ્ર દવે કહે છે કે, **કોઈનોય પ્રેમ કયારેય ઓછો હોતો નથી. આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે.** આજના મુલ્યનિષ્ઠ સશકિતકરણના સમયમાં માણસે માનવ થવું ચોકકસ મુશ્કેલ છે પણ અસંભવ નથી જ. જીવનનું ચાલકબળ પ્રાણવાયુ છે, તો પ્રવૃત્તિનું ચાલકબળ હકારાત્મક અભિગમ અને વિચારધારા છે. સંયુકત પરિવારનું ચાલકબળ આંતરિક લાગણી અને સમર્પણની ભાવના છે. તેથી જ સફળતા સતત ચાલતી પ્રક્રિયાની દાસ્તાન છે.

સાયકોલોજીસ્ટ ડોન બાયરન સમજાવે છે કે, સફળ વ્યકિતત્વના હાવભાવ હલનચલન અને આંખોની ભાષા એક નિશ્ચિત મેસેજ આપતી હોય છે, જેથી સ્વભાવનું પૃથ્થક્કરણ સહેલાઈથી થઈ શકે છે. નિર્ણાયકતા, આકર્ષક પ્રતિભા સાથે દ્દઢતા, સમતા sofistication અને આવડત હોવા છતાં વર્તન દ્વારા આંતરિકતા બદલાતી નથી. કયારેક વ્યકિતગત ઘણી વાતો વણકહી જ રહી જતી હોય છે. પરિવારની ગતિવિધિ ઉત્કૃષ્ટ ચીલો ચાતરનારી હોવી જોઈએ જે વિવિધ ક્ષેત્રે પથદર્શક કાર્ય કરનાર વિરલાઓ ઉપર અવલંબે છે. જેઓ આર્થિક, સામાજિક કે વૈચારિક વિષમતાઓ સામે અડગ બની બંધિયારપણાની કુંઠીત વિચારધારામાંથી પરિવારને બહાર લાવી શકે. સમયથી આગળ વિચારવાની શકિત અદ્વિતીય હોય તો તે પરિવારની બહુવિધ પ્રતિભા ઉત્કૃષ્ટ વિચાર વૈવિધ્યના પ્રદાનની પારાશીશી બને છે.

પહેલાંના સમયમાં અવિભકત કુટુંબપ્રેમની અદ્દભુત ભાવના હતી. એકમેકને દરેક કાર્યમાં મદદરૂપ થવું તેવી પ્રણાલીને અનુસરવાની એક આગવી દ્દષ્ટિ અને નિતિ-રિતી હતી. પરિવારના કોઈપણ વ્યકિતગત કે અંગત પ્રસંગોએ સૌ સમજદારીપૂર્વક કાર્ય કરે, ફરજ સમજીને લાગણીના આવિર્ભાવને પ્રગટાવે, ખોટા દેખાડાને કોઈ સ્થાન રહે નહીં. યુવાપેઢીને પોતાની આવડત દર્શાવવાની કે કળાનો ઉપયોગ કરવાની છૂટ પણ મળી રહે. ચોકકસપણે આમન્યા સાચવવાની રહેતી અને સચવાતી. આજે આ ભાવનાનો સાવ લોપ થયો છે એવું નથી, એકના દુ:ખે દુ:ખી અને સુખે સુખી તેવું આજે પણ જોવા મળે છે. માત્ર તેની ટકાવારી ઓછી થઈ ગઈ છે. **આંગળી ઝાલનારું કોઈ હોય નહિ અને અંગુઠો બતાવનાર ઘણા હોય ત્યારે અસ્તિત્વની લડાઈ આંસુની ધાર પર લડવી પડે અને સમાધાનના ઘૂટડાં પણ પીવા પડે. સંવેદન અને વ્યવહાર દ્દષ્ટિ બન્ને આવશ્યક જ નહીં જરૂરી બને છે.**

સંયુકત પરિવારના વ્યાપારી સંકુલો આજે પણ અબજોની કમાણી અને આવક-જાવક કરતાં હશે. તેમની સફળતા અને સંઘર્ષની કથા અને વ્યથાથી આપણે અજાણ નથી. નાજુક અને વિસ્ફોટક સમૃધ્ધ સ્પંદન અને વાસ્તવિકતાનો અહેસાસ પણ અહીં દૃષ્ટિગોચર થાય છે. વિચક્ષણતાના પાઠ પણ અહીં જ ભણવા મળે. મને કે કમને અવિભકત પરિવારમાંથી એક ભાઈનો પરિવાર જુદો થાય ત્યારબાદ એકલતા તેને કોરી ખાય છે. કયારેક હતાશા પણ કબજો જમાવે છે. સામાજિક, માનસિક કે આર્થિક ક્ષેત્રે અસહ્ય ખાલીપો અનુભવાય છે.

**બે પાંદડે થવાની મથામણમાં અડધી જિંદગીના વરસો સિંચવા પડે છે. કેટલીક વાર અનુસંધાન ન સધાય તો આખી જિંદગી સાંધાઓ મારીને પસાર કરવાની આ લાચારી બહુ આકરી સજા છે.** સંબંધો કાળના પ્રવાહમાં નિર્માણ થવાને કારણે પારંપારિક સંસ્કૃતિ થકી તેમાં અલૌકિક સિંચન થતું. અવિભકત પરિવારમાં સ્વાર્થવૃત્તિને તિલાંજલિ અપાતી, જેથી તેનું વિધ્વંસ થતું અટકતું. આ જ કારણે ભૂતકાળ ભવ્ય બની રહેતો અને વર્તમાન પ્રેમ, લાગણીની રેશમગાંઠથી મજબુત અને પ્રેરણામુકત બની રહેતો. સંકલ્પ, સહકાર, સાંનિધ્ય, વ્યકિતત્વ સમર્પિત કાર્યપધ્ધતિ અને તમારી આવડત અને સક્ષમતાનું સૌ જાણે કે અજાણે નિરીક્ષણ કરતું હોય છે. પોતાનું ડોમીનન્સ અન્યો સુધી આડકતરી રીતે પહોંચાડવાની ખેવનાને અહીં સ્થાન નથી હોતું. પરિવારને આવો એકાદ પ્રેરણા પુરુષ મળી જાય અને બે પાંચ પેઢી સુધી મળતો રહે એવી વિચારધારાને ચાલો વહેતી મૂકીએ. **આપણાં ઉત્તરદાયિત્વને પ્રેમ અને ઉત્કૃષ્ટ લાગણીની ભાવનાને હકારાત્મક અભિગમ સાથે અપનાવીએ નિભાવીએ અને કદમ માંડીએ આશાની ક્ષિતિજની પેલે પાર સનાતન ઐકયને માણવા. એકમેકના હમકદમ બની સાથે રહી કહીએ મૈ હું ના !**

**❑ સંપાદક સમિતિ**

## સંયમની મહેક

**'સંયમ વિના નહીં ઉધ્ધાર, જૈન શાસનનો છે ધબકાર.'**

ખરે જ, કાર્તિક સુદ પૂર્ણિમા એ દિવસે યાત્રિકો ચાર ચાર માસના વિયોગ બાદ હર્ષઘેલા બની તીર્થાધિપતિ દાદા પૂ. આદિનાથને ભેટવા અધિરા બને તેમ મુમુક્ષુ આત્માઓ કાર્તિક પૂર્ણિમાની ઉત્સાહભેર રાહ જુએ છે અને પ્રભુને વંદન કરી, પોતાનું જીવન સમર્પણ કરનાર પૂ. ગુરુજી પાસે સંયમ યાચના માટે વિનંતી કરી, દીક્ષા મુહુર્ત જોવડાવે છે અને દીક્ષાદાતા પૂ. ગુરુજી દીક્ષા દિનનો મંગલમય દિવસ જણાવે છે ત્યારે મુમુક્ષુઓનો મનમોરલો નાચી ઊઠે છે. તેઓનો વૈરાગ્ય દીપક એટલો પ્રજ્વલિત હોય છે કે ગમે તેટલા આંધી–તોફાન–પવનરૂપી રાગી સંસારીઓના મોહઘેલા વંટોળીયા પણ તેમના દીપકને–અડગ મનને ડગાવી શકતા નથી. આ બધો પ્રતાપ છે પૂર્વનો પુણ્યોદય અને જિનવાણીના શ્રવણ સાથે સદ્‌ગુરુનું સાંનિધ્ય. આ બધા દીક્ષા પ્રેરિત સંયમજીવનના મજબૂત પાયા છે. આ વર્ષ તો જાણે દીક્ષાયુગ હોય એવું લાગે છે.

દશેરાના દિવસે કેટલાય મુમુક્ષુઓને દીક્ષાના મંગલ મુહુર્તો અર્પણ થઈ ગયા. ગામેગામ, પાલીતાણા, અમદાવાદ, વડોદરા, વલસાડ, સૂરત, નવસારી, મુંબઈ, પૂના વગેરે અનેક સ્થળોએ સમૂહમાં પણ ઘણી બધી દીક્ષાઓ થઈ અને હજી ઘણા મુમુક્ષુઓ તલસી રહ્યા છે. લગ્નજીવનમાં ઉંમરની પાત્રતા જોઈએ ત્યારે સંયમજીવનમાં ઉંમર કરતાં આત્માની પાત્રતા જોઈએ. મઘમઘતા પુષ્પોવાળા બગીચા પાસેથી પસાર થઈએ તો સુગંધીત પુષ્પોની સુવાસ તન-મનને મહેકથી ભરી દે છે તેમ જ્યારે જ્યારે ત્યાગી આત્માઓના વિદાય સમારંભ, દીક્ષા પ્રદાન સમારંભ જોતાં તેમના સંયમજીવનના ત્યાગનો પમરાટ આપણા દિલને મહેકાવી દે છે. અઢળક દેવતાઈ સમૃદ્ધિના માલિક શાલિભદ્ર, ૯૯ ક્રોડ સોનૈયાના માલિક જંબૂસ્વામી, છ ખંડના ધણી ચક્રવર્તિઓ, રાજ્યની ધૂરા સંભાળતા અનેક રાજવીઓએ પુત્રને રાજ્યસુકાન સોંપી જીવન-સંધ્યા સમયે ત્યાગી બની પ્રભુના વેશ-પંથને દીપાવ્યા છે. ધન્ય છે તે પરમાત્માઓને, વંદન છે તેમના અપૂર્વ ત્યાગને, અનુમોદનીય છે તેમના દૃઢ મનોબળને. બસ અમારો જીવનબાગ પણ નંદનવન સમ બનાવ અને આચાર-વિચારોથી સુવાસિત બને તેવી જ પ્રભુને સાચા દિલથી પ્રાર્થના.

જૈનં જયતિ શાસનમ્

**❑ શ્રીમતી ઊર્મિલાબેન ધીરેન્દ્રભાઈ ઝવેરી**

## જીભની કરવી છે કદર

એક સંત સાથે મારે એકવાર મુલાકાત થઈ. તેમની સાથે વાર્તાલાપ કરતાં મેં ગુરુજીને કહ્યું કે, કુદરતની કરામત તો જુઓ, શરીરના બે-બે અંગો એક જ કામ કરે છે. જ્યારે જીભ એક હોવા છતાં બે કામ કરે છે, ખાવાનું ને બોલવાનું.

ત્યારે ગુરુજી હસીને બોલ્યાઃ બેન, જીભ એક ત્રીજું પણ કાર્ય કરે છે, ખબર છે ?

મેં કહ્યું કે એવું તો મેં ક્યાંય સાંભળ્યું નથી.

ગુરુજી બોલ્યાઃ કે જીભ દાતમાં રહેલા કણને કાઢી દાંત સાફ કરે છે. જેથી પેટ નિરોગી રહે છે. બે દાંત વચ્ચે ફસેલા કણને કાઢ્યા વગર જંપતી નથી. ફરી ફરી ત્યાં જઈને કણને કાઢવા પ્રયત્ન કરે છે અને કાઢીને છૂટકો કરે છે.

મેં કહ્યું કે તોય બિચારી જીભને બત્રીસ દાંત વચ્ચે પૂરાઈને રહેવું પડે છે.

'હા', ગુરુજી બોલ્યા, 'તેનું પણ કારણ છે. જો દાંત બંધન ન રાખે તો જીભને લગામ ન રહે.'

'મીઠું બોલે તો લાપસી ખાય,<br>કડવું બોલે તો માર ખાય.'

'બેન, આમાંથી સાર લેવાનો છે કે શરીરરૂપી પીંજરામાં પૂરાયેલા આતમનો સમકિત પામી ઉન્નતિ કરું ? કે પાપ કર્મ કરી અધોગતિ કરું ? જીભની કદર કરી શરીરરૂપી બંધનમાંથી આત્માને પાપરૂપી કાંટાને દૂર કરી મુક્તિ અપાવી મોક્ષ માર્ગે લઈ જઈશું ખરા ?

જીભની કદર કરી શકીશું ખરા ?'

**❑ શ્રી પ્રવીણાબેન બી. શાહ**


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાું., મુંબઈ** ●

ADVT

## ડાયાલીસીસ સેન્ટર

શ્રી પાટણ જૈન મંડળના દાતા પરિવાર **પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ** તથા તેમના સંલગ્નિત **બાબુ જીવણલાલ પનાલાલ ટ્રસ્ટ** તથા **બાબુસાહેબ નાનકચંદજી પૂરણચંદજી ટ્રસ્ટે** ગુરૂવાર, તા.૮-૦૪-૨૦૧૪ ના રોજ બી.એમ.સી. પોલીઓ સેન્ટર કેરકર ગ્રાઉન્ડની સામે, સાંઈબાબાનગર, બોરીવલી-વેસ્ટ મધ્યે **શ્રી નેમીનાથ ફાઉન્ડેશનના શ્રી નિરૂપભાઈ કોઠારી** હસ્તક છ ડાયાલીસીસ મશીન અને બે એમ્બ્યુલન્સ ભેટમાં આપેલ છે. **શ્રી પાટણ જૈન મંડળ**માં ઉકત પરિવાર અને ટ્રસ્ટો દ્વારા અવારનવાર ગણનાપાત્ર સખાવત મળતી રહી છે. ઉકત ટ્રસ્ટના ટ્રસ્ટીઓ **બાબુ નરેન્દ્રભાઈ વિજયકુમાર, બાબુ હર્ષભાઈ નરેન્દ્રભાઈ, શ્રી હરેશભાઈ મહાસુખલાલ શાહ, શ્રી ભરતભાઈ પનાલાલ શાહ તથા બાબુ હર્ષદભાઈ શાંતિકુમાર ઝવેરી** શૈક્ષણિક, સામાજિક તથા મેડીકલ ક્ષેત્રે અદ્દભુત કાર્યો કરી રહેલ છે. **શ્રી નેમીનાથ ફાઉન્ડેશન** દ્વારા અત્યાર સુધી ૧૭૬ ડાયાબીટીસ મશીનો વિવિધ જગ્યાએ કાર્યરત છે. આ ઉપરાંત અનાજ વિતરણ, શિક્ષણ, દવા રાહત વગેરે માટે આ સંસ્થા અનન્ય કાર્ય કરે છે.

આ કાર્યક્રમમાં સારી એવી સંખ્યામાં સ્થાનિક લોકો, દાતા પરિવાર તથા રાજદ્વારી હસ્તીઓએ હાજરી આપી હતી. ઉકત પોલીયો સેન્ટરમાં ડાયાલીસીસ સેન્ટર માટે વર્ષે રૂા.૧ ના ભાડે ૩૦ વર્ષ માટે બી.એમ.સી. એ જગ્યા આપી સમાજ સેવાનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત પૂરૂં પાડેલ છે.

## શ્રી બી. ડી. સાર્વજનિક વિદ્યાલય સિત્તેર વર્ષની ઉજવણી

૧૫ જૂન, ૨૦૧૪ના રોજ ગુરુવારના સ્નેહ મિલન તેમ જ ૭૦મા વર્ષની ઉજવણીની પૂર્વ સંધ્યાએ શાળામાં વિવિધ કાર્યક્રમનું આયોજન ભૂતપૂર્વ વિદ્યાર્થી એસોશીએશન દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. સદર કાર્યક્રમમાં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તેમ જ ગુજરાત રાજ્યના **ગૃહરાજ્ય મંત્રીશ્રી રજનીભાઈ પટેલ** ખાસ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેનાર છે. તો આ પ્રસંગે શ્રી પાટણ જૈન સમાજના શુભેચ્છકો તેમ જ શાળાના તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ખાસ ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવે છે. શાળામાં કાર્યક્રમની શરૂઆત સવારે ૧૦.૦૦ કલાકે થશે.

### ગુજકેટ ક્વિઝ ૨૦૧૪માં શાળા પ્રથમ ક્રમાંકે

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ ટેકનોલોજી, ગાંધીનગર, પુનાભા લોક વિજ્ઞાન કેન્દ્ર, પાટણ આયોજિત ગુજકેટ ક્વિઝ-૨૦૧૪ સ્પર્ધા આદર્શ સાયન્સ કૉલેજ, રાધનપુરમાં તા. ૦૫-૦૪-૨૦૧૪ના રોજ યોજાઈ ગઈ, જેમાં શ્રી બી. ડી. સાર્વજનિક વિદ્યાલય, પાટણના વિદ્યાર્થી પટેલ નિવ મુકેશભાઈએ કુલ ૧૨૦ ગુણમાંથી ૧૦૫ ગુણ પ્રાપ્ત કરીને સ્પર્ધકોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે અને શાળાનું ગૌરવ વધારેલ છે. ભાઈ નિવને સમગ્ર સ્ટાફ પરિવાર તથા શ્રી પાટણ જૈન મંડળ તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

## સમજણનું ઔચિત્ય

ગુમમહોર મહોર્યા ને બોગનવેલ મહેકી,
અચાનક આમ ઐશ્વર્યની અભિવ્યકિત ચહેકી;
તમારા અભિગમે વિચારધારા મારી બહેકી,
અમારા અંશની લાગણીએ ઉર્જા મારી છલકી!

અલ્પ સુખ વાંછતા અફાટ ઉદધિ મળી હતી,
એકમેક સાથે રહેવાની મઝા અનેરી હતી;
માત-પિતા કેરા વાત્સલ્યે જિંદગી મરકી હતી,
મારા ને તારાની છોડી આપણાની ભાવના હતી!

શિક્ષણ, વ્યવહાર અને વેપારનો દોર હતો,
માંડેલો સંસાર એક હસીખુશીનો શોર હતો;
વિસ્તર્યો પરિવાર આમ્રમંજરીનો મોર હતો,
ચાલશે, ફાવશે, ભાવશે નો જોગ-સંજોગ હતો!

આજે એક પળમાં આખો યુગ જાણે સરી ગયો,
સમય થોભ્યો નહીં, ક્ષણમાં દરિયો તરી ગયો;
સાથ છૂટયોને જિજિવિષાનો છેડો આવી ગયો,
મેઘધનુષી રંગોને ફીકકા પડતાં જોઈ ગયો!

સમજણનું આ ઔચિત્ય તમારામાં આવ્યું કયાંથી?
મુજ વદને લહેરખી હાસ્યની જોવીતી ત્યાંથી;
આઈ વોઝ નેવર બેટર ધેન, માય બેટર હાફ,
હવે તમે જ છો હમરાહ મારા સાથી - સંગાથી!

આભાર વગરનો ભાર છે એટલું કહીશ,
ધૈર્ય, સમર્પણમાં હું તમારી સાથે જ હોઈશ!

મ.ને.


## MATRIMONIAL

Name : **DARSHIT DIPAK SHAH**
Father's Name : **Dipak Saralal Popatlal Shah** (Jhaverivado)
Mother's Name : **Kalpana Dipak Shah**
Date of Birth : **15th April 1988;** Height : **5ft. 10"**
Education : **B.E.(Chemical) from Mumbai University**
Home Town : **Patan (N.Guj.)**
Occupation : **Senior consultant & Master Corporate Trainer with NIIT Ltd.**
Mosal : **Kantilal Chhotalal Jasani, Paladi (Palitana) Ghoghari Visha Shrimali**
Address : **401, Suyog Apt., Liberty Garden, Rd. No.3, Malad (W), Mumbai-400064**
Contact : **9967788667**
Email ID : **drsht.shah88@gmail.com**

**Advt.**

## આસ્થાની અનન્ય અનુભૂતિ

શ્રી પાટણ વર્ધમાન તપ આયંબીલ સંસ્થાના ઈતિહાસમાં પ્રથમવાર જૈનેતર સોની **શ્રી ડાહ્યાલાલ કૃષ્ણલાલ ભગત** પરિવારના **શ્રી સંજય સોની** તથા તેમના પુત્રો, જે કર્મથી ઉચ્ચ કોટીના જૈન આરાધક છે, તેમણે આ વખતની ચૈત્ર માસની શાશ્વતી ઓળી કરાવવાનો લાભ લીધો હતો.

આ વર્ષે ૨૫૦ શ્રાવક-શ્રાવિકા તથા અંદાજે ૭૦ થી ૮૦ સાધુ-સાધ્વીજી ભગવંતોએ અનન્ય ભક્તિભાવથી આયંબીલની ઓળીની આરાધના/તપશ્ચર્યા કરી અને કરાવી હતી. ચૈત્ર વદ એકમના રોજ સંસ્થાના હોલમાં રંગેચંગે પારણા કરાવાયા હતા અને લાભાર્થી પરિવાર તરફથી દરરોજ પ્રભાવના કરાવવામાં આવી હતી.

## સંસ્થા સમાચાર

### મણિયાતી પાડાના શ્રી આદેશ્વર ભગવાનની સાલગીરી

શ્રી મણિયાતી પાડાના શ્રી આદેશ્વર ભગવાનની સાલગીરી તા. ૨૦-૦૫-૨૦૧૪ વૈશાખ વદ ૬ મંગળવારના રોજ શ્રી ચંદ્રપ્રભુ દેરાસર, પ્રાર્થના સમાજ ખાતે રાખવામાં આવી છે. તે દિવસે બપોરે ૨.૩૦ કલાકે **શ્રી પંચકલ્યાણકની પૂજા** ભણાવવામાં આવશે. ત્યારબાદ દરેકને માટે સાધર્મિક ભક્તિ રાખવામાં આવી છે જેનો સંપૂર્ણ લાભ **શ્રી મણિલાલ ગભરૂચંદ શાહ**–હસ્તે : **શ્રી નવનીતલાલ મણિલાલ શાહ** પરિવારે લીધો છે. દરેક સાલગીરી પ્રસંગે મહોલ્લાની પરણેલી દીકરીઓ તેમ જ તેમના કુંવારા પુત્રો અને પુત્રીઓ લાભ લઈ શકશે. બપોરના ૪.૦૦ કલાકે મહોલ્લાના ભાઈઓની મિટીંગ રાખવામાં આવી છે. આ પ્રસંગે જેઓએ આ વર્ષે મોટી તપશ્ચર્યા કરી હોય તો તેઓનું બહુમાન કરવામાં આવશે. પોતાના નામો નીચેના કાર્યકરોને નોંધાવવા. આપશ્રીના ઘરમાંથી કેટલા સભ્યો પૂજામાં આવવાના છે તેની જાણ નીચેના કાર્યકર્તાઓને તા. ૧૦-૦૫-૨૦૧૪ સુધીમાં જણાવી દેવા.

(૧) શ્રી ભૂપેન્દ્રભાઈ કાંતિલાલ શાહ–૯૮૬૯૦૦૦૯૩૨
(૨) શ્રી નવનીતલાલ મણિલાલ શાહ–૯૩૨૨૨૧૭૧૧૪
(૩) શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ–૯૮૨૦૦૪૫૫૯૫
(૪) શ્રી વિપુલભાઈ વિરેન્દ્રભાઈ નગરશેઠ–૯૮૨૦૯૨૩૮૮૬

### વર્લ્ડ જૈન કોન્ફેડરેશન

વર્લ્ડ જૈન કોન્ફેડરેશન દ્વારા તા. ૩૦ મી માર્ચ ૨૦૧૪ના સ્વાતંત્ર્ય વીર સાવરકર સભાગૃહ-દાદરમાં મહાવીર જયંતી નિમિત્તે 'ભગવાન મહાવીર જન્મ કલ્યાણક ઉત્સવ'ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં **'જૈન ધર્મ દ્વારા સમાજનો સર્વાંગીણ વિકાસ'** વિષય પર એક પરિસંવાદનું આયોજન પણ કરવામાં આવેલ હતું.

વક્તાઓએ જૈન ધર્મ અને ભગવાન મહાવીરના અહિંસા, અનેકાંત, અપરિગ્રહ, સંયમ અને મુખ્ય સિધ્ધાંત 'જીવો અને જીવવા દો'ના અનુસરણ દ્વારા સંપૂર્ણ વિશ્વમાં સંરક્ષણ અને આતંકવાદ મુક્તિની સાથે સામાજિક અને આર્થિક વિષમતાઓનું સમાધાન સંભવ છે એ વિષેની માહિતી આપી.

## હકારાત્મક માનસિકતાનો પ્રભાવ

ઉંમરને માણસના સ્વભાવ, એની ઝિંદાદિલી સાથે કોઈ લેવાદેવા ખરી? લગભગ તો નહીં જ. સિવાય કે માણસ પોતે એવા ભ્રમમાં રહે કે હું આટલા વરસનો થયો. સુનીલ ગાવસ્કર, કપિલ દેવ, જિતેન્દ્ર, લાલકૃષ્ણ અડવાણી, સોનિયા ગાંધી કંઈ કેટલાય ક્ષેત્રમાં, કંઈ કેટલાય વૃદ્ધો પૂરી લગન સાથે પ્રવૃત્ત છે. નાનપણથી વૃદ્ધાવસ્થા સુધી દરેક ઉંમરે માણસ માટે પોતાની ઈચ્છા મુજબ સ્ફૂર્તિભર્યા, વિચારશીલ અને મોજીલા રહેવાના દરવાજા કાયમ ખુલ્લા જ રહે છે. પ્રતિભા દરેક ઉંમરમાં એકસમાન હોય છે, પછી ભલે તમે ૫૦, ૬૦ કે ૧૦૦ના હો; ઉંમરની સાથે પ્રતિભા વધારે નીખરી ઉઠે છે.

'આ શક્ય છે' અને 'હું આ કરી શકીશ' એ દુનિયાની કોઈ પણ ભાષામાં સૌથી શક્તિશાળી શબ્દો છે. તેના પર માનવજાતની મહાન સિદ્ધિઓનો આધાર રહેલો છે. જીવનને તમે જેવું માનો છો, તેના વિષે જેવું વિચારો છો તેવું તે બને છે. જો તમે માની લો કે તમે હારવાના છો તો તમે હારશો. જીતનાર હોય છે તે આત્મવિશ્વાસભેર કહી શકે છે કે હું જીતી શકીશ–એ આપણી હકારાત્મક માનસિકતાનો પુરાવો છે. શા માટે વૃદ્ધત્વના ભાર હેઠળ પોતાને વામણો, બિચારો, નિઃસહાય માની બેઠો? સાઈઠ, સિત્તેર વરસે વૃદ્ધને નાચવાની, ગાવાની, નવી ફિલ્મો જોવાની, મનોરંજન માણવાની અને વહેંચવાની છૂટ કેમ ન હોય? ઘરનાં ખૂણામાં બેઠાં બેઠાં નિવૃત્તિ સહન કરતાં કરતાં દિવસો કાઢવાના એ વળી શું? ચાલો, ચાલો આજે જ બદલાઈ જાવ. એ માટે 'આનંદ પરિવાર' આપણાં પટ્ટણી ભાઈ-બહેનો માટે મનોરંજનનું ઉત્તમ કપલ ગ્રુપ છે.

વૃદ્ધત્વમાં પણ મનમાં ઘણું બધું જીવવા-કરવાના મમરા ફૂટતા જ હોય છે. એની અવગણના કર્યા વિના દરેક ઉંમરની વ્યક્તિ સાથે દિલથી હળીમળી જાવ. જે માણવું છે એ નિઃસંકોચ થઈને માણો. શરીરને એની રીતે આઉટડેટેડ થવાનો સ્ટેમ્પ લાગશે; પણ માહ્યલાને, મનને અને વ્યક્તિત્વને આવો સ્ટેમ ક્યારેય ન લાગવા દેજો. કારણકે દરેક દિવસને દિલથી માણવા માટેજ માનવનો અવતાર મળ્યો છે. જીવન એટલે ફક્ત શ્વાસોચ્છવાસની પ્રક્રિયા નથી કે ન તો એ ઉંમરનો લુખ્ખો સરવાળો છે. પરંતુ જીવનમાં આવતી કેટલીય ક્ષણોને એવી રીતે જીવીએ કે તે ધૂપસળીની જેમ લોકોમાં સુવાસ ફેલાવે અને તે માટે ન તો મોટી ડિગ્રીઓની જરૂર છે કે ન તો ધનના ઢગલાની જરૂર પડે છે. આપણે બધાને સ્નેહભર્યા બોલ કે આવકારનું સ્મિત તો આપી શકવા સમર્થ તો છીએ જ ને!

વૃદ્ધો માટે મારો એક જ સંદેશ છેઃ સ્વસ્થ રહો...હસતા રહો...મસ્ત રહો...

**❑ શ્રીમતી રાગીણીબેન ભરતભાઈ શાહ**


**MATRIMONIAL**
**NAME:RITESH HEMENDRA PRATAPCHAND SHAH (RAJULAWALA)**
RAJESHREE H. SHAH (VAKHATJI NI SHERI)
77/25, PATAN JAIN MANDAL,MARINE DRIVE MUMBAI-400 020
DATE of BIRTH : 20.02.1987. AGE 26. HEIGHT 5-3
B.COM. POST GRA. IN EVENT MANAGEMENT
INTRODUCTION TRADE SHOWS PVT. LTD. ANDHERI
CONTACT NO. 9920779141. RESI.: 022 22814518
EMAIL : riteshshah2087@gmail.com
ADVT

# ACID ATTACKS -- A CRIME AGAINST HUMANITY

***``In the absence of justice, tyranny begins.'***

**Acid Attacks in India**

In traditional culture of India, women are respected and have been given the status of goddess. Maa Durga, Maa Saraswati and several other Hindu goddesses have been worshiped in India since years along with Mother Marry in Christianity.

Therefore, it is shocking news for a nation which bears witness to more than 1000 acid attacks a year, a figure largely based on women rejecting marriage proposals or unwanted advances by men. For a rapidly modernizing nation with Asia's 3rd largest economy , and 3/4 th of its population under the age of 35, the rampant violence against women in form of acid attacks is an anamoly.

Prevalence of attacks in the region may be explained by easy availability of Acid. Acid being widely used in Cotton, Rubber and Jewellery industries.No Legal provisions to consider acid attack as special offence

**Legal provisions in neighbouring countries:**

Even our economically poor neighbour countries have certain and specific acts regarding acid attacks. For ex. In Afghanistan, Elimination of violence Against Women Law (EVAM) in 2009. The attacker gets punishment of at least 10 years imprisonment while maximum punishment is life imprisonment.

Pakistan is yet to pass ACID THROWING AND BURN CRIME BILL, 2012 in its assembly. Minimum sentence is 14 years and maximum sentnce is life imprisonment with fine upto 1 million Pakistani rupees.Bangladesh passed 2 legislations way back in 2002 regarding acid attacks.

**Earlier efforts and disappointments:**

Earlier , cases of acid attacks were registered under IPC with sections related to hurt, grievous hurt by corrosive substance, Attempt to mudrder and murder. In 2008, LAW COMMISSION OF INDIA, in its 226th report under chairmanship of A.R. Lakshmanan made a proposal to include acid attack as a special offence under section 326 (A) of IPC 1860. The recommendations never got incorporated by ministry of Women and Children.

Following amendments were made under Indian Penal Code for acid attack related offences.

- S 326 (A) voluntarily causing grievous hurt by use of acid etc:- imprisonment of not less than 10 years and maximum punishment of life imprisonment for offenders with fine upto rs. 10 lakhs.

- S 326 (B) voluntarily throwing or attempting to throw acid:- imprisonment for 5 years but which may extent to 7 years and with fine.

**Role of supreme court:** In land mark judgement in 18th July 2013, SUPREME COURT passed an order to regulate the sale of acids across the country and gave central and state government 3 months time to implement measures. This decision was taken in light of a PIL which was filed by Laxmi Agarwal in 2006, a delhi based acid attack survivor.

In a sweeeping decision, SUPREME COURT ordered government to limit over counter acid sale to people over 18 who provided id and reason for purchase or in other words , buyers will have to explain why they need the substance. Sale must be reported to Police. Retailers will have to declare the amount of acid being stocked to police. Failure to do so will lead to an action by police which results in undeclare stock confiscated and fine of rs.50000.

**Influence of cinema and male dominated society**

Psychological trauma of victim and corrective measures:

